Gujarati

સમય: ૨ કલાક ANEMONE ગુણ : ૫૦

વિદ્યાર્થીઓ માટે સૂચના :-

→ આકલનકૃતિ અને વ્યાકરણ કૃતિ માટે જ્યાં જરૂરી જણાય ત્યાં આકૃતિઓ દોરવી.

→ આકૃતિઓ પેનથી જ દોરવી, પેન્સિલથી નહિ.

→ આકૃતિમાંનું મજકૂર પેનથી જ લખવું.

## વિભાગ – ૧ ગદ્ય (૧૨ ગુણ)

કૃતિ – ૧(અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

અ -૧ નીચે આપેલા વાક્યોને ક્રમાનુસાર ગોઠવો. (૦૨)

પાછલી રાત્રિનું ભૂરું આકાશ, માનવજીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ, નાનામોટા તારાઓથી ચમકી રહ્યું હતું. ઠંડા પવનના સરુવાટાથી બચવા પોતાના જૂના અને ફાટેલા ઝભ્ભાને શરીરે વધારે લપેટી લપેટી લેતો એક વૃદ્ધ ડોસો શહેરના મધ્યભાગમાં થઈને જતો હતો. સ્વાધીન અવસ્થા ભોગવતાં કેટલાંક ઘરોમાંથી આ વખતે ઘંટીનો મધુર લાગતો અવાજ, સ્ત્રીઓના ઝીણા સ્વર સાથે આવતો હતો. એકાદ કૂતરાનો અવાજ, કોઈક વહેલા ઉઠનારનાં પગરખાંનો છેટેથી સંભળાતો અવાજ કે કોઈ જાગેલા પક્ષીનો સ્વર : એ સિવાય શેર તદ્દન શાંત હતું. લોકો મીઠી નિદ્રામાં ઘોરતા હતા અને શિયાળાની ઠંડીથી રાત્રિ વધારે ગાઢ બનતી હતી. કહે નહિ છતાં કતલ કરી નાખે એવી મીઠી મનુષ્યના સ્વાભાવ જેવી શિયાળાની ઠંડી કાતિલ હથિયારની માફક પોતાનો કાબૂ સર્વત્ર ફેલાવી રહી હતી. વૃદ્ધ ડોસો ધ્રૂજતો ને શાંત રીતે ડગમગ ચાલતો, શહેરના દરવાજા બહાર થઇ એક સીધી સડક પર આવી પહોંચ્યો ને ધીમે ધીમે પોતાની જૂની ડાંગના ટેકાથી આગળ વધ્યો.

(૧) લોકો મીઠી નિંદ્રામાં ઘોરતા હતાં.
(૨) વૃદ્ધ ડોસો ધ્રૂજતો ને શાંત રીતે ડગમગ ચાલતો.
(૩) સ્ત્રીઓના ઝીણા સ્વર સાથે આવતો હતો.
(૪) નાના મોટા તારાઓથી ચમકી રહ્યું હતું.

અ - ૨ આકૃતિ પૂર્ણ કરો (૦૨)



અ – ૩ ચોકઠામાં યોગ્ય અક્ષર લખી અર્થપૂર્ણ શબ્દ તૈયાર કરો. (૦૨)

(૧) સુ [ ] વાટા (૨) [ ] ધુર (૩) ક [ ] લ (૪) સુ [ ] દ

અ – ૪ પિતૃ પ્રેમ વિશે તમારા વિચારો પ્રગટ કરો. (૦૨)

(બ) પોસ્ટમાસ્તરના અલી ડોસા પ્રત્યેના બદલાયેલ દ્રષ્ટિકોણ વિશે તમારા શબ્દમાં લખો. (૦૪)

વિભાગ – ૨ પદ્ય (૦૮ગુણ)

પ્ર. ૨(અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો (૦૨)

અ – ૧ કાવ્ય પંક્તિઓ પૂર્ણ કરો.

(૧) ટાળી દેવો .........

(૨) સમાનપણે સર્વેમાં .........

(૩) રાખવો અંતરમાં .........

(૪) ક્રોધી સ્વાભાવને ...........

ક્રોધી સ્વાભાવને જીતવાને,
રાખવો નહીં અંતરમાં ક્રોધ રે,
સમાનપણે સર્વેમાં વરતવું ને,
ટાળી દેવો મનનો વિરોધ રે,
હે જી રામ, નિરમળ થઈને કામને જીતવો ને,
રાખવો અંતરમાં વૈરાગ રે,
જગતના વૈભવને મિથ્યા જાણી ને,
ટાળી દેવો દુર્જનનો રાગ,
હે જી રામ, આ લોક ને પરલોકની આશા તજવી ને,
રાખવું અભ્યાસમાં ધ્યાન રે,
તરણાં સમાન સહુ સિદ્ધિઓને ગણવી ને,

અ - ૨ આકૃતિ પૂર્ણ કરો (૦૨)




અ - ૩ 'ક્રોધી સ્વભાવને જીતવો' ભજનનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો (૦૪)

<u>વિભાગ – ૩ (૦૪ગુણ)</u>

ચાલો લખીએ. (૦૪)

(૧) ભજનિકોના વાજિંત્રો ________, ________, ________, ________

(૨) લોકસાહિત્યના પ્રસારમાં ભાગ ભજવનાર જાતિ

________, ________, ________, ________,

ચારણ, ભાટ, મીર, મોતીસળ, રાવળ વગેરે
જાતિઓએ એના પ્રચાર અને પ્રસારણમાં કિંમતી ભાગ
ભજવ્યો છે.ભ્રમણ કરતા ભિખારીઓ, એકતારા,
મંજીરા અને ઝાંઝ, પખવાજ સાથે ગાતાં ભજનિકો, સાજ
સાથે કે સાજ વિના ફરતાંભરથરીઓ અને રાવણહથ્થા-
વાળાઓનો પણ એમાં ઓછો હિસ્સો નથી. હાલરડાં
ગાતી, દળતી, ખાંડતી, વલોણાં વલોવતી, પાણીડાં
સીંચતી અને ગરબે ઘૂમતી નારીઓનો પણ એમાં હિસ્સો
છે. શેરીઓમાં રમત રમતા બાળકો, લગ્નપ્રસંગે હોંશ
પૂરી કરતી જાનડીઓ, છાણાં વીણવા જતી વયોવૃદ્ધ
ડોસીઓ, કોસ હાંકતા ખેડૂતો, લણણી કરનારાંઓ

M. K. SANGHVI JUNIOR COLLEGE OF C... MUMBAI

## વિભાગ- ૪વ્યાકરણ (૧૦ ગુણ)

પ્ર. ૪ સૂચના પ્રમાણે કરો.

(અ) કાળ પરિવર્તન કરો (૦૪)

(૧) રાત્રે દયણું દળી આપવાનું કામ કરતો હતો. (વર્તમાનકાળ)

(૨) એ રીતે ગુજરાન જોગ પૈસા મેળવે છે. (ભવિષ્યકાળ)

(૩) ઊભો-ઊભો બહારથી પાઠ સાંભળતો હતો. (વર્તમાનકાળ)

(૪) ઈશ્વરે એનું મન જ મોટું કર્યું છે. (ભૂતકાળ)

(બ) રૂઢિ પ્રયોગનો અર્થ લખી વાક્યમાં ઉપયોગ કરો. (૦૬)

(૧) આકુળ વ્યાકુળ થવું

(૨) લાડ લડાવવા

(૩) તેડું મોકલવું

પ્ર. ૫ (અ) નીચે આપેલ વિષયમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (૧૦)

(૧) પર્યાવરણની સુરક્ષા

(૨) નારી તું નારાયણી

(૩) સલૂણી સંધ્યા

(બ) નીચેના અંગ્રેજી વાક્યોનું ગુજરાતીમાં ભાષાંતર કરો. (૦૬)

(૧) The path of success is full of thorns and not full of flowers.

(૨) We must face difficulties and overcome them.

(3) I am a winner.

(૪) What a cheerful moment.

(૫) At last we are successful !

(૬) I can do it.

*******************************************************************************